## ઓડિટવાંધાની પૂર્તતા-દરખાસ્તનો નિર્ણય ન આવે ત્યાં સુધી અમાન્ય રકમની વસૂલાત ન કરવા અંગે

કમિશનરશ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી, નં. : કમભોયોશા/અડટ/વશી/2002/7368-97
બ્લોક નં. 12, ડો. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 23-8-2002

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ)

વિષય : ઓડિટવાંધાની પૂર્તતા-દરખાસ્તનો નિર્ણય ન આવે ત્યાં સુધી અમાન્ય રકમની વસૂલાત ન કરવા બાબત.

ઉપરોક્ત બાબતે જણાવવાનું કે બિનસરકારી ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંકલન સમિતિના પડતર પ્રશ્નોની બેઠક કમિશનર (શાળા)ના અધ્યક્ષસ્થાને તા. 22-10-2001ના રોજ રાખેલ ત્યારે મિટિંગમાં ઓડિટમાં અમાન્ય કરવામાં આવેલ ખર્ચના સંદર્ભમાં શાળાએ ઓડિટવાંધામાંની પૂર્તતા ડી.ઇ.ઓ. મારફતે ઓડિટશાખાને કર્યા બાદ કેટલીક રજૂઆતોને નામંજૂર અને વાંધા હેઠળ ચાલુ રાખવામાં આવે છે. પરંતુ આ અપીલની સુનાવણીમાં કેટલાંક વહીવટી કારણોસર વિલંબ થાય છે તે વખતે જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા આવી વાંધા હેઠળ કે અમાન્ય રકમની વસૂલાત કરાય છે તેથી વસૂલાતો અપીલનો નિર્ણય ન આવે ત્યાં મુલત્વી રાખવા રજૂઆત કરેલી હતી.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંકલન સમિતિના સભ્યો સાથે કમિશનરશ્રી (શાળા) અને અધિકારો સાથે ચર્ચાના અંતે નક્કી કરેલ કે ઓડિટની અપીલની સુનાવણીની કાર્યવાહી પૂરી ન થાય ત્યાં સુધી વાંધા અને અમાન્ય હેઠળ રાખેલ રકમની વસૂલાત મોકૂફ રાખવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓને સૂચના આપવી. આ નિર્ણયના આધારે તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે જે શાળાઓની ઓડિટ-વાંધાની રજૂઆત કર્યા બાદ અમાન્ય કરેલ વસૂલાત સામે કમિશનરશ્રી (શાળા) પાસે અપીલ કરેલ હોય અને અપીલની સુનાવણી થઈ નિર્ણય ન આવે ત્યાં સુધી આવી શાળાઓની વસૂલાત મોકૂફ રાખવી અને અપીલની સુનાવણીઓ બાદ હુકમ અનુસાર વસૂલાત કરવી અગર વેવ કરવી. અપીલ ના કરેલ હોય તેવી શાળાઓની વસૂલાત અત્રેથી વખતોવખત આપેલ સૂચના મુજબ કરવી.

સહી, સત્તાધિકારી
સંયુક્ત નિયામક (હિસાબ), ગાંધીનગર